# નોટીસ

તારીખ : ૦૫/૦૯/૨૦૧૯

આથી આ કોલજ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે આગામી તા.૧૦-૦૯-૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આ કોલેજમાં જીલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર દ્વારા નામ નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે આ સાથેની જીલ્લા રોજગાર કચેરીની નોટીસમાં જણાવેલ જરૂરી દસ્તાવેજો અને પ્રમાણપત્રો સાથે લેતા આવી કેમ્પમાં નામ નોંધણી કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ કોલેજમાં હાજર રહી જીલ્લા રોજગાર કચેરી ,સુરેન્દ્રનગર ના આવેલ અધિકારીઓ પાસે નામ નોંધણી કરાવી લેવા જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

# જિલ્લા રોજગાર કચેરી,

કલેક્ટર કચેરી સામે, સુરેન્દ્રનગર

ફોન/ફેક્સ નં. ૦૨૭૫૨-૨૮૨૩૫૩

Web:www.employment.gujarat.gov.in

E-Mail id: deesrn123@gmail.com & dee-srn@gujarat.gov.in

Facebook A/C. જિલ્લા રોજગાર કચેરી સુરેન્દ્રનગર


National Career Service

## નામ-નોંધણી કરાવવા માટે
## જરૂરી દસ્તાવેજો અને પ્રમાણપત્રોની યાદી

૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ
૨. જાતીમાં આવતા હોય તો જાતીનો દાખલો
3. શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો
(ધો-૧૦, ધો-૧૨, સ્નાતક, ડીપ્લોમા, આઇટીઆઇ તમામ પ્રયત્નો સહિતની વગેરે)
૪. કોમ્પ્યુટરના કોર્ષ કરેલ હોય તો તેના પ્રમાણપત્રો
૫. વધારાની તમામ લાયકાતના પ્રમાણપત્રો
૬. એક પાસપોર્ટ સાઇઝનો ફોટો
૭. મોબાઇલ નંબર
૮. ઇ-મેઇલ આઇડી
૯. આધાર કાર્ડ

## અગત્યની સુચના

(૧). દરેક ઉમેદવારોએ પોતાના આધારકાર્ડની પાછળ પોતાનું પૂરૂં નામ,સરનામું, મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી ફરજીયાત લખવાના રહેશે.

(૨). જે ઉમેદવારો બહારના જિલ્લાના હોઇ તેવા ઉમેદવારોએ પોતાના જિલ્લાની રોજગાર કચેરીઓ ખાતે નામ-નોંધણી કરાવવાની રહેશે.

(3). જે ઉમેદવારોએ એક વાર નામ-નોંધણી કરાવેલ હોય તેઓએ નામ-નોંધણી માટે ફરીથી અરજી કરવાની જરૂરીયાત નથી.

(૪). www.employment.gujarat.gov.in પોર્ટલ ઉપર ઉમેદવાર જાતે રજીસ્ટ્રેશન કરી શકે છે અને ત્યારબાદ ટેમ્પરરી રજીસ્ટ્રેશન નંબરવાળી સ્લીપ જનરેટ થયા બાદ રોજગાર કચેરી ખાતે રૂબરૂ ૧ મહિનાની અંદર ઉપર દર્શાવેલ અસલ પ્રમાણપત્રો સાથે લાવીને વેરીફાઇ કે ચકાસણી કરાવ્યા બાદ નામ-નોંધણી/રોજગાર કાર્ડ મેળવી શકશે.

(૫). www.ncs.gov.in પર પણ ઉમેદવાર સીધું જ રજીસ્ટ્રેશન કરીને દેશભરના નોકરીદાતાઓ/કંપનીઓ/સંસ્થાઓમાં પડતી ખાલી જગ્યાઓ સામે ઓનલાઇન એપ્લીકેશન કરી શકશે તેમજ અન્ય ઘણી બધી સેવાઓનો લાભ મેળવી શકશે.

**નામ-નોંધણી એક અને ફાયદાઓ અનેક તો કોની રાહ છે**

**આજે જ તમારૂં નામ નોંધાવી રોજગાર કચેરીની સેવાઓનો લાભ મેળવો.**

Scanned by CamScanner

Scanned by CamScanner

## જિલ્લા રોજગાર કચેરી,
## કલેક્ટર કચેરી સામે, સુરેન્દ્રનગર
## ફોન / ફેક્સ નં. ૦૨૭૫૨-૨૮૨૩૫૩

Web: www.employment.gujarat.gov.in Email: dee-srn@gujarat.gov.in

ક્રમાંકઃજિરોક/સરક/રજીસ્ટ્રેશન/૧૩૩૦૨/૨૦૧૯ થી ૧૩૩૨૧ તા.૦૧/૦૯/૨૦૧૯

**O.I.G.S.**
**BOOK-POST**

પ્રતિ,
આચાર્યશ્રી,
.....૨૮ હિ[illegible].....
.....................................
.....................................

10/9/19

વિષયઃ- આપની કોલેજમાં હાલમાં અભ્યાસ કરતા તેમજ પાસઆઉટ થયેલ ઉમેદવારો માટે નોંધણી કેમ્પ નું આયોજન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે આપની કોલેજમાં અભ્યાસ કરતા તેમજ પાસઆઉટ ઉમેદવારોની નામ નોંધણી જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગરના દફતરે થાય તેમજ અત્રેની કચેરી દ્વારા પુરી પડવામાં આવતી વિવિધ સેવાનો લાભ મળી રહે તેમજ કચેરી ખાતે કાર્યરત કેરિયર કાઉન્સેલર દ્વારા રૂબરૂ મુલાકાતથી કારકિર્દી ઘડતર તથા સ્પર્ધાત્મક પરિક્ષા અંગેની માહિતી તથા માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

વધુમાં, આપની કોલેજ ખાતે નામનોંધણી કેમ્પ આયોજીત કરવા અત્રેની કચેરી ખાતેથી આગામી સમયમાં સંબંધિત કર્મચારી દ્વારા રૂબરૂમાં ઉપસ્થિત રહી નામ નોંધણીની પ્રકીયા હાથ ધરવાની હોય, કોલેજ ખાતે હાલમાં અભ્યાસ કરતા તેમજ પાસઆઉટ થયેલ ઉમેદવારોને જાણ કરી આપે જણાવેલ તારીખ/સમયે હાજર રાખવા માટે જરૂરી આયોજન કરી અત્રેની કચેરીને ચાલુ માસની તારીખ/સમય નક્કી કરી જાણ કરવા વિનંતી છે. જેથી જિલ્લાના વધુમાં વધુ રોજગારવાંચ્છુ ઉમેદવારોની નામનોંધણી કરાવી કચેરી દ્વારા કાર્યરત રોજગાર સેવાનો લાભ મેળવી શકે. નોંધણી કેમ્પના દિવસે નામનોંધણી કરાવવા માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબના આવશ્યક પ્રમાણપત્ર/ગુણપત્રક અસલ તથા ઝેરોક્ષ નકલનો એક સેટ સાથે રજુ કરવાના રહેશે. તેમજ આ કચેરી દ્વારા તાલુકા મથકે પણ નામનોંધણી, માર્ગદર્શન વગેરેની કામગીરી કરવામાં આવે છે. તાલુકાના ઉમેદવારો નીચે જણાવેલ તાલુકા મથકે પણ નામનોંધણી કરાવી શકે છે.

| ક્રમ | તાલુકાનું નામ | સ્થળ | મુલાકાતની તારીખ |
|---|---|---|---|
| ૧ | ધાંગધ્રા | તાલુકા પંચાયત કચેરી | દર માસની ૧ લી તારીખ |
| ૨ | પાટડી | તાલુકા પંચાયત કચેરી | દર માસની ૩ જી અને ૨૨મી તારીખ |
| ૩ | લખતર | તાલુકા પંચાયત કચેરી | દર બેકી માસની ૫ મી તારીખ |
| ૪ | લીંબડી | તાલુકા પંચાયત કચેરી | દર માસની ૮ મી તારીખ |
| ૫ | મુળી | તાલુકા પંચાયત કચેરી | દર બેકી માસની ૧૧ મી તારીખ |
| ૬ | ચુડા | ગ્રામ પંચાયત કચેરી | દર બેકી માસની ૧૩ મી તારીખ |
| ૭ | ચોટીલા | તાલુકા પંચાયત કચેરી | દર માસની ૧૭ મી તારીખ |
| ૮ | સાયલા | તાલુકા પંચાયત કચેરી | દર બેકી માસની ૨૭ મી તારીખ |

જો ઉક્ત તારીખે જાહેર રજા આવતી હોય તો ત્યાર પછીના કામકાજના દિવસે નોંધણી કેમ્પ યોજવામાં આવશે.

વધુમાં નિયામકશ્રી રોજગાર અને તાલીમ ખાતા દ્વારા અમલમાં મુકેલ પોર્ટલ www.employment.gujarat.gov.in પર ઓનલાઇન રજીસ્ટ્રેશન ની સુવિધા આપવામાં આવેલ છે. જેમાં એક માસના સમયગાળામાં કચેરી ખાતે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહિ વેરીફાઈ કરાવ્યા બાદ ઉમેદવારોને નામનોંધણી કાર્ડ આપવામાં આવે છે. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત પોર્ટલ www.ncs.gov.in પર પણ ઉમેદવારો તેમની નોંધણી કરાવી રાજ્ય અને રાજ્ય બહાર વેકેન્સી સામે ઓનલાઈન એપ્લાય કરી શકે છે. તેમજ લોકલ સર્વિસ પ્રોવાઈડર, તાલીમી સંસ્થાઓ, કેરીયર કાઉન્સીલર ની મુલાકાત માટે ઓનલાઇન એપોઈન્ટમેન્ટ મેળવી શકે છે જે આપની જાણ સારૂ.

આપના સહકારની અપેક્ષા સહ,

541
03/09/19

રોજગાર અધિકારી (જનરલ)
સુરેન્દ્રનગર

બિડાણઃ- પરિશિષ્ટ-અ

નકલ સવિનય રવાનાઃ- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક કચેરી(રોજગાર), રાજકોટ તરફ જાણ સારૂ.

Scanned by CamScanner